# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-05-2025 Day: Friday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## અમૃત ભારત સ્ટેશન:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે રાજ્યના 18 સહિત દેશભરમાં 103 પુનઃવિકસિત કરાયેલા અમૃત ભારત રેલવેમથકનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું. રાજસ્થાનના બિકાનેરથી આ ઉદ્ઘાટન કર્યા બાદ શ્રી મોદીએ જનસભાને સંબોધી હતી. તેમણે કહ્યું, સરકાર દેશમાં એક હજાર 300 રેલવે મથકને અમૃત ભારત મથક તરીકે પુનઃવિકસિત કરવા માટે કામ કરી રહી છે.**

**'ઑપરેશન સિંદૂર'નો ઉલ્લેખ કરતાં શ્રી મોદીએ કહ્યું, ભારતે આતંકવાદીઓના ઠેકાણાઓને નેસ્તનાબૂદ કરી પાકિસ્તાનને કડક જવાબ આપ્યો છે. તેમણે કહ્યું, સરકારે સશસ્ત્ર દળોને કાર્યવાહી કરવાની સંપૂર્ણ છૂટ આપી હતી.**

**દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગઈકાલે કરમસદ રેલવેમથક ખાતે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરેન્દ્રનગરના લિંબડી રેલવેમથક ખાતે અમૃત ભારત રેલવે મથકના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.**

**-----------------------------------------------------------------------------------------------**

## દિવ્યાંગોને આવાસ ફાળવણીમાં 4 ટકા અનામત-:

**કેન્દ્ર સરકારે દિવ્યાંગ વ્યક્તિઓને કેન્દ્ર સરકારના આવાસની ફાળવણીમાં ચાર ટકા અનામતની જાહેરાત કરી છે, જે જાહેર સેવાઓમાં સમાનતા, ગૌરવ અને સુલભતા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આવાસ અને શહેરી બાબતોના કેન્દ્રીય મંત્રી મનોહર લાલ દ્વારા સમાવિષ્ટ વિકાસ તરફના પગલામાં આ સીમાચિહ્નરૂપ પગલું લેવામાં આવ્યું છે. આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે એક નિવેદનમાં માહિતી આપી કે તેમણે દિવ્યાંગ વ્યક્તિઓ માટે કેન્દ્ર સરકારના રહેણાંક આવાસની વાજબી પહોંચ સુનિશ્ચિત કરવા માટે એક કચેરી યાદી**

જાહેર કરી છે. તેમાં ઉમેર્યું હતું કે આ પહેલ દરેક નાગરિકના સશક્તિકરણ પ્રત્યે સરકારના સમર્પણને પ્રતિબિંબિત કરે છે.

---

## ગુજરાત ટાસ્ક ફોર્સ:

રાજ્ય સરકારે 'વિકસિત ભારત 2047' માટે ઔદ્યોગિક નીતિઓમાં સુધારાની ઉદ્દેશ સાથે કાર્યદળ સમિતિઓની રચના કરી છે. 12 ક્ષેત્ર માટેની વિશિષ્ટ કાર્યદળ સમિતિઓ નીતિઓના આધુનિકીકરણ માટે કામ કરશે. સરકારે અત્યાધુનિક ઔદ્યોગિક વ્યવસ્થાઓનું નિર્માણ કરવા ઉદ્યોગ અને વિશ્વ-વિદ્યાલયોની મદદ લીધી છે.

સત્તાવાર યાદી મુજબ, આ પહેલનો ઉદ્દેશ આંકડા આધારિત, અત્યાધુનિક નીતિ માળખું સ્થાપિત કરવાનો છે, જે રોકાણને અનુકૂળ હોય, નવીનતાને પ્રોત્સાહન આપે અને લાંબા ગાળાના સામાજિક અને આર્થિક વિકાસને વેગ આપે. આ લક્ષ્યને સાકાર કરવા સરકારે રચેલી 12 સમિતિઓ વર્તમાન નીતિઓની સમીક્ષા કરશે, વૈશ્વિક ધોરણો સાથે સરખાવીને તેમાં સુધારો કરવાનો પ્રયત્ન કરશે અને ઊભરતા આર્થિક અને તકનીકી વલણોને સંબોધવા માટે વ્યૂહરચનાઓ તૈયાર કરશે.

---

## કુરન ખાતે નાગરિક સંરક્ષણની તાલિમ:

કન્ટ્રોલર અને જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ સિવિલ ડિફેન્સ ઓફિસ, ભુજ દ્વારા સરહદી વિસ્તારમાં આવેલા કુરન ગામે નાગરિક સંરક્ષણ દળની પાયાની તાલીમનું આયોજન કરવામાં આવ્યું. આ તાલીમનો મુખ્ય હેતુ ગ્રામ્ય અને સરહદી વિસ્તારના નાગરિકોમાં આપત્તિ વ્યવસ્થાપન, યુદ્ધ જેવી પરિસ્થિતિઓમાં નાગરિક સંરક્ષણ અને તાત્કાલિક પ્રતિસાદ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.

આ પ્રસંગે નાગરિક સંરક્ષણ દ્વારા તાલીમની જરૂરિયાત અને મહત્વ વિશે ગામ લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત  પ્રાથમિક સારવાર અગ્નિશમન વિશે પણ માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

---

## રાપર-તિરંગા યાત્રા-:

ભારતીય સેનાએ પાકિસ્તાનને આપેલા જડબાતોડ જવાબ અને સેનાની વીરતાને વધાવવા રાપરમાં તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વીર સાવરકર ચોકથી શરૂ થયેલી તિરંગાયાત્રા શહેરના મુખ્ય માર્ગો સેલારી નાકા, સરદાર પટેલ માર્ગ, માલીચોક, અજરામર ચોક થઈ પરત વીર સાવરકર ચોકમાં આવી હતી. તિરંગાયાત્રાથી અને દેશ ભક્તિના ગીતોથી રાષ્ટ્રીય પર્વ જેવો માહોલ સર્જાયો હતો. ઠેર ઠેર લોકોએ પુષ્પવૃષ્ટિ કરી યાત્રાને વધાવી હતી.

---

## ક્રિકેટ:

લખનૌ સુપર જાયન્ટ ટીમે ગુજરાત ટાઇટન્સને 33 રને હરાવી પ્રવર્તમાન આઇ.પી.એલ શ્રેણીમાં છઠી સફળતા  મેળવી છે, જ્યારે ગુજરાતની ટીમને  ચોથી હાર ખમવી પડી છે. અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચમાં લખનૌની ટીમે બે વિકેટ ગુમાવી 235 રન કર્યા હતા. જેમાં મિચેલ માર્શલના સૌથી વધુ 117 રન હતા. જવાબમાં ગુજરાતની ટીમ 9 વિકેટ ગુમાવી 202 રન કરી શકી હતી. શાહરુખના સહુ થી વધુ 57 રન હતા.

---

## હવામાન:

રાજ્યમાં આગામી સાત દિવસ વિવિધ વિસ્તારમાં હળવા અને હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. દરમિયાન માછીમારોને દરિયાની આસપાસ ન જવા સૂચના

આપવામાં આવી છે. હવામાન વિભાગે આજથી રાજ્યમાં મહત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસના ઘટાડાની શક્યતા પણ વ્યક્ત કરી છે.

---